ફોજદારી કેસ નંબર–૧૧૫/૨૦૧૧

આંક–૧ તળે હુકમ

૧. પ્રોસીકયુશન દવારા આરોપી સામે હાલનુ આ ચાર્જશીટ આરોપી વીરૂધ્ધ ઈ.પી.કો કમલ ૨૬૯ હેઠળના ગુન્હા ના સબંધ માં કરેલ છે, જેનુ સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ તથા વોરંટ કરવામા આવેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. સદર કેસ આશરે એક વર્ષ જુનો છે અને આકામે આરોપીઓને સમન્સ વોરંટ કરતા તેઓના સમન્સ/ વોરંટ વગર બજયે પરત ફરેલ છે જે આ કામે આંક– ૦૩ થી આંક–૦૪ રજુ છે. આમ આરોપી મળી આવતા નથી અથવા મળી આવેલ નથી ના શેરા સાથે વગર બજયે પરત આવેલ છે. સદર સમન્સમાં જે શેરા કરેલ છે તે જોતા આરોપી બીજે રહેવા જતા રહેલ હોય તેવુ જણાવેલ છે. આમ ફરીયાદપક્ષને પુરતી તક આપવા છતા ફરીયાદપક્ષ આરોપીને હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ જણાય છે. ગુન્હાનો પ્રકાર અને પ્રમાણ જોતા અને કેસ ઘણો જુનો છે, તેમજ સમન્સ ટ્રાયલ કેસ છે. અને ફરીયાદપક્ષ આરોપીને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી.

૨.વધુમા નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો Mulchand Motilal Raka v The State of Maharashtra & Anr. 1996(2) Crimes 177 (Bom) ઘ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે, Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one

reason or other as herein above stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be resorted to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner, as per procedure under the Code, the provisions of section 258 of Code can be resorted to. "

૩. જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોઈ હાલના કામે આરોપી વિરૂઘ્ધ પોલીસે ચાર્જશીટ દાખલ કરેલ છે તેમ છતા આ કામે આરોપીને હાજર રખાવેલ ન હોઈ ગુનાની સજાનો જોગવાઈ જોતા તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતુ નથી, જેથી ક્રિમી.પ્રો.કોડની કલમઃ ૨૫૮ અન્વયે તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી આરોપીને બીનતહોમત મુકત ગણી તેમની સામેનો કેસ ફેસલ ગણવાનો હુકમ કરવામાં આવે જેથી ન્યાયના વિશાળ હીતમાં નિચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું

<u>–: હુકમઃ–</u>

૧. ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૮ તળે આરોપી (૧) હીતુષ મનુભાઈ મકવાણા ના ઓ સામેની હાલની કાર્યવાહી સ્થગીત કરી આરોપીને તેમની વિરૂઘ્ધના ગુન્હાના તોહમત માથી બીનતોહમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમા ફરીયાદ પક્ષને નુકસાન ના જાય તથા આરોપી ને તેની ગેરહાજરીમા ફાયદો નમળે તેથી ભવીષ્યમા જો આરોપી મળી આવેતો ફરીયાદ પક્ષ ક્રિ.પ્રો.કોડ ની કલમ ૩૦૦(૫) હેઠળ આરોપી વિરૂધધ હાલનો કેસ ફરી ફાઈલ કરવા હકદાર રહેશે

હુકમ આજરોજ તારીખ ૧૨/૧૧/૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

ચંદ્રવીરસીહ કૃષ્ણચંદ્રસીહ રાઠોડ

તા. ૧૨/૧૧/૨૦૨૨

બીજા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. રાજકોટ
જજ કોડ નં જી.જે ૦૧૪૧૫